ગુજરાત સમાચાર , પાના નં. ૦૨ , તા. ૨૫.૦૭.૨૦૨૫



મેટ્રો રેલના ટ્રેક પર વીજ પુરવઠો ચાલતો હોય ત્યારે કોઈ જઈ શકતું નથી પણ એક શ્વાન સોમવારે કોબા મેટ્રો સ્ટેશન ટ્રેક પર ફસાયું હતું પણ અંધારાને લઈને તેને રેસ્ક્યૂ કરી શકાયું નહોતું. ફરી પાછું બુધવારે ઉસ્માનપુરા મેટ્રો સ્ટેશન નજીક જોવા મળ્યુંહતું પણ ફરી લાઈટના કારણોસર તેને બચાવી શકાયું નહિ તે ફરી કોબા ગામ તરફ પહોંચી ગયું હતું જેને ગુરૂવારે સવારે ૧૫ મિનિટ મેટ્રોનો પુરવઠો બંધ કરી મિશન સેફ ઉતરાયણ ફાઉન્ડેશનની ટીમ દ્વારા ટ્રેક પરથી રેસ્ક્યૂ કરી શ્વાનને સીએનસીડી અમદાવાદ ખાતે મેડિકલ દેખરેખ માટે સોંપવામાં આવ્યું ત્યારે મેટ્રો રેલ અધિકારીઓએ રાહત અનુભવી હતી. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)